અનુસૂચિત જાતિની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ના સળંગ એકમમાં ધોરણ-૧૨ નો સામાન્ય પ્રવાહનો ક્રમિક વર્ગ શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૦૧૪-૮૭૫૬૮૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩૦/૪/૨૦૧૫.

વંચાણે લીધાઃ

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૫/૧૨/૨૦૧૧૪ના પત્ર ક્ર: અજાક- ગ-૧-૨-૨૦૧૪-૧૫-૧૩૫૭૩-૭૪.

ઠ રા વઃ

રાજયમાં અનુસૂચિત જાતિની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ના સળંગ એકમમાં ધોરણ-૧૨ નો સામાન્ય પ્રવાહનો ક્રમિક વર્ગ શરૂ કરવા માટે મળવાપાત્ર (૧) શિક્ષકની ૨(બે) જગ્યાઓ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ.૪૨૦૦ ના પગાર ધોરણમાં રૂ.૧૩,૭૦૦/- ના ફીકસ પગારથી ઉભી કરવા માટેના વેતન ખર્ચના રૂ.૩,૨૮,૮૦૦/- (૨) એક વર્ગના ૪૦ (ચાલીસ) વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૧૫૦૦/- લેખે ભોજન ખર્ચ રૂ.૬,૦૦,૦૦૦/- (૩) બુટ-મોજાં, ગણવેશ ખર્ચ અને સ્ટેશનરી ખર્ચ રૂ.૨૮,૦૦૦/- (૪) પલંગ, ગાદલા, ચાદર, ઓશીકા, અને ચોરસાનો ખર્ચ રૂ.૧,૪૦,૦૦૦/- (૫) ખર્ચ વહીવટી ખર્ચ રૂ.૬૦,૨૦૦/- આમ કુલ ખર્ચ રૂ.૧૧.૫૭ લાખનો થાય તેમ છે. વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૫-૧૨-૨૦૧૪ ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ધ્વારા અનુસૂચિત જાતિની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ના સળંગ એકમમાં ધોરણ-૧૨ નો સામાન્ય પ્રવાહનો ક્રમિક વર્ગ શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ માટે નવી બાબત રજુ કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં અનુસૂચિત જાતિની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ના સળંગ એકમમાં ધોરણ-૧૨ નો સામાન્ય પ્રવાહનો ક્રમિક વર્ગ શરૂ કરવા બાબતની વર્ષ ૨૦૧૫-૧૬ માં બજેટ જોગવાઇ રૂ.૧૧.૫૭ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૬-૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફિકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) સીધી ભરતી / બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી / બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજૂરી આપવામાં આવે છે.

(૮) જે તે જગ્યાઓના પગાર ધોરણો આરઓપી- ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક- નપન- ૨૦૦૩- જીઓઆઇ-૧૦ (પ.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતોવખતના સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનુ ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનુ રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યાઓ હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગને જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહશે.

(૧૬) આઇટી સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ – ૧૦૨૦૦૫- ૧૪૦૭-ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઇ માંગણી ક્રમાંકઃ ૯૫ઃ અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર –૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ- પેટા સદર-૦૧- અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭-શિક્ષણ- પેટાસદર (૨૨) બીસીકે-૨૮- મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓમાં હાયર સેકન્ડરી વર્ગ શરૂ કરવા બાબત સદરે થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૨-૪-૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. સી. શાહ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી મારફત)
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત), જિલ્લા પંચાયત (નિયામકશ્રી મારફત)
સેકશન અધિકારીશ્રી, અ.૧, જ, બજેટ શાખા, સા.ન્યા. અને અ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કો.સેલ, સા.ન્યાય.અને અ.વિ.ની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી
પસંદગી ફાઇલ.